For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# વિસર્જન માટે ૧૨ હજારથી વધુ જવાનોનો બંદોબસ્ત

**જુદા** જુદા ઓવારા પર ૯૦ હજાર મૂર્તિનું વિસર્જન થશે

સુરતઃ ગણેશ વિસર્જન દરમિયાન કાયદો-વ્યવસ્થા અને ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સુરત શહેર પોલીસે વ્યાપક સુરક્ષા આયોજન પૂર્ણ કર્યું છે. શહેરમાં અંદાજે ૯૦ હજાર નાની-મોટી ગણેશ મૂર્તિઓનું ૨૧ કૃત્રિમ તળાવો અને ત્રણ કુદરતી ઓવારા ખાતે વિસર્જન થનાર હોવાથી પોલીસ, હોમગાર્ડ, SRP સહિતની એજન્સીઓના હજારો જવાનોને બંદોબસ્તમાં તૈનાત કરવામાં આવ્યા છે. સુરત પોલીસ કમિશનર વાબાંગ જામીરે પત્રકાર પરિષદમાં સમગ્ર સુરક્ષા વ્યવસ્થાની વિગતો આપી હતી. શહેરમાં કાયદો-વ્યવસ્થા જાળવવા માટે QRTની સાત, SOGની ૧૦ અને DCPની ૧૫ વિશેષ ટીમો પણ તૈનાત રહેશે.

### વિસર્જન યાત્રા પર બાજનજર

| | |
|---|---|
| 505 | અધિકારીઓ |
| 5,800 | પોલીસકર્મી |
| 4,000 | હોમગાર્ડ |
| 11 | SRP કંપની |
| 3000 | CCTV |
| 326 | પેટ્રોલિંગ વાહનો |
| 530 | પેટ્રોલિંગ બાઈક |
| 1,800 | શોલ્ડર લાઈટ |
| 10 | વોચ ટાવર |
| 32 | આસ્કા લાઈટ |
| 04 | ઘોડેસવાર દળ |
| 16 | ક્રેનની વ્યવસ્થા |
| 1,469 | TRB જવાન |
| 02 | આરએએફ કંપની |
| 01 | CISFની કંપની |
| 01 | BSFની કંપની |



### ગણેશ વિસર્જને BRTS અને સિટી બસ સેવા સંપૂર્ણ બંધ રહેશે

સુરતઃ શહેરમાં આગામી તારીખ 25 સપ્ટેમ્બરે ગણેશ વિસર્જન યાત્રા દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા અને સલામતીને ધ્યાને રાખીને મુજબ વિસર્જનના દિવસે શહેરમાંથી પસાર થતી જાહેર પરિવહન સેવાઓને અસર પહોંચશે. વિસર્જન યાત્રાના મુખ્ય રૂટો પર લોકોની ભારે ભીડ અને વાહનોની અવરજવરને કારણે બસ સંચાલન ખોરવાઈ જવાની પૂર્ણ શક્યતા છે. જેથી મનપા દ્વારા ટ્રાફિકને અડચણરૂપ ન થાય તે માટે વિસર્જનના દિવસે એટલે કે, શુક્રવારે તમામ બસો બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. આ નિર્ણય હેઠળ અઠવાગેટ, SVNIT, રાહુલરાજ મોલ, અડાજણ, પાલ, ભાઠા, ડભોલી, ભેસાણ, ઉધના-મગદલ્લા રોડ, ભટાર, વેસુ કેનાલ રોડ, હજીરા હાઇવે સહિત શહેરના વિવિધ વિસ્તારોમાં સીટીલિંક અને BRTS બસોની કામગીરી સ્થગિત રહેશે. દૈનિક ધોરણે મુસાફરી કરતાં આશરે 2.5 લાખથી વધુ મુસાફરોને આ દિવસે હાલાકીનો સામનો કરવો પડી શકે છે, જેથી તમામ શહેરીજનોને આ અંગે ખાસ નોંધ લેવા અને તે મુજબ પોતાના પ્રવાસનું આયોજન કરવા જણાવાયું છે.

### મોટા ગણપતિ વાહનોમાં GPS, કુદરતી ઓવારા પર બચાવ ટીમ

વિસર્જન દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે શહેરના વિવિધ વિસ્તારોમાં જરૂરિયાત મુજબ માર્ગ પરિવર્તન કરવામાં આવશે. મોટા ગણપતિ વાહનો પર GPS સિસ્ટમ લગાવવામાં આવશે. કુદરતી ઓવારા ખાતે બોટ અને બચાવ દળ પણ તૈનાત રહેશે.ટ્રાફિક અંગેના માર્ગ પરિવર્તન અને વૈકલ્પિક માર્ગોની માહિતી પોલીસ દ્વારા અલગથી જાહેર કરવામાં આવશે.

# સુરતમાં 108 ઇમરજન્સી કેસમાં છ મહિનામાં ધરખમ વધારો

RTA કેસમાં 17.46%નો, હાઈ ફીવરના કેસમાં 163%નો ઉછાળો

**એપ્રિલના** 12,043 કેસ સામે ઓગસ્ટમાં 16,928 કેસ નોંધાયા

સુરત : શહેર અને જિલ્લામાં રોગચાળો કંઈ રીતે વકરી રહ્યો છે તેનો આંકડાકીય પુરાવો 108 દ્વારા સામે આવ્યો છે. આ આંકડા માત્ર 108 માં આવતા કેસોના છે. જે ખુબ મોટો ઉછાળો તાવના કેસમાં, શ્વાસની તકલીફમાં અને પેટમાં દુ:ખાવા જેવા કેસમાં બતાવી રહ્યો છે.

શહેર અને જિલ્લામાં ઇમરજન્સી સેવાઓ માટે ઉપયોગમાં લેવાતી 108 એમ્બ્યુલન્સમાં છેલ્લા છ મહિનામાં કેસની સંખ્યામાં સતત વધારો નોંધાયો છે. 108 EMSના એપ્રિલથી સપ્ટેમ્બર સુધીના આંકડા મુજબ ઓગસ્ટ મહિનામાં સૌથી વધુ 16,928 ઇમરજન્સી કેસ નોંધાયા હતા. 108 માં નોંધાયેલા તાવના, શ્વાસની તકલીફના, કાર્ડીયાકના, માર્ગ અકસ્માતના, પ્રેગ્નન્સીના, આપઘાતના પ્રયાસના, ખેંચની

...અનુસંધાન પાના 5 પર

### છ મહિનામાં નોંધાયેલા કેસ

| મહિના | પેટમાં દુ:ખાવો | તાવ | માર્ગ અકસ્માત | શ્વાસ તકલીફ |
|---|---|---|---|---|
| એપ્રિલ | 1969 | 508 | 1683 | 806 |
| મે | 2066 | 666 | 1794 | 752 |
| જૂન | 2150 | 658 | 1777 | 680 |
| જુલાઈ | 2573 | 1139 | 1626 | 833 |
| ઓગસ્ટ | 2670 | 2170 | 1883 | 996 |
| સપ્ટે.(22 તા.) | 1832 | 1944 | 1480 | 696 |

### ઓગસ્ટમાં 16 હજાર કેસે ચિંતા વધારી

છેલ્લા છ મહિનાના આંકડાઓમાં ઓગસ્ટ મહિનો ખાસ નોંધપાત્ર રહ્યો છે. આ મહિનામાં 108 એમ્બ્યુલન્સ દ્વારા આશરે 16,000 ઇમરજન્સી કેસ હેન્ડલ કરવામાં આવ્યા હતા. સતત વધતા કેસોના પગલે ઇમરજન્સી મેડિકલ સેવાઓ પરનો ભાર પણ વધ્યો હોવાનું સામે આવ્યું છે.

### રોગચાળાના કેસોમાં સૌથી વધુ ઉછાળો

ચોમાસાની સિઝન દરમિયાન પાણી અને મચ્છરજન્ય રોગચાળાની સ્થિતિને કારણે તાવ, ડાયેરિયા-ઉલ્ટી સહિતના કેસોમાં વધારો જોવા મળ્યો છે. તેના કારણે રોગચાળા સંબંધિત ઇમરજન્સી કેસોમાં આશરે 162 ટકાનો વધારો નોંધાયો છે. બીજી તરફ શહેરમાં વાહનોની વધતી સંખ્યા અને માર્ગ અકસ્માતોને પગલે RTA કેટેગરીના કેસોમાં પણ 17 ટકા જેટલો વધારો થયો છે.

# રાજમાર્ગ પર બીજા જ દિવસે દબાણ

**મનપાએ** ગુનો દાખલ કરવાની ધમકી આપી હતી, હવે શું કરશે તે જોવું રહ્યું



(તસવીર : સતીષ જાદવ)

સુરતઃ શહેરના રાજમાર્ગ સહિતના મુખ્ય જાહેર રસ્તાઓ અને ફૂટપાથ જાણે વેપારીઓની ખાનગી માલિકીના હોય તેવી સ્થિતિ સર્જાતાં મનપાના સેન્ટ્રલ ઝોને દબાણ હટાવવાની ઝુંબેશ હાથ ધરી છે. દુકાનદારો દ્વારા દુકાનની બહાર સ્ટેચ્યુ, માલસામાન અને અન્ય વસ્તુઓ મુકીને ફૂટપાથ અને જાહેર રસ્તાઓ રોકી દેવામાં આવતા રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. આ અંગે બેગમપુરા, રાણા શેરી, ચેવલી શેરી, આમલી શેરી, ઘાંચી શેરી, વડવાળી શેરી, કુંવર સિંગની શેરી અને દુધારા શેરીના રહીશોએ સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેર ગાંજાવાલા સમક્ષ મૌખિક અને લેખિત રજૂઆત કરી હતી. આ ઉપરાંત સ્થાનિકોએ મનપાની સાથે સાથે પોલીસ કમિશનર અને ટ્રાફિક વિભાગને પણ આ અંગે ફરિયાદો મોકલી હતી. પાલિકાએ ફરી દબાણ કરનારાઓ સામે પોલીસ ફરિયાદ કરવાની ચીમકી આપી છે પરંતુ હવે શું થશે તે જોવું રહ્યું

સ્થાનિકોની વારંવારની રજૂઆતોને પગલે તારીખ 21 સપ્ટેમ્બરે કાર્યપાલક ઈજનેરની સૂચનાથી દબાણ વિભાગની ટીમે રાજમાર્ગ અને કાદરશાની નાળ વિસ્તારમાં ત્વરિત કાર્યવાહી કરી દુકાનો બહાર મુકેલા સ્ટેચ્યુ સહિતનો તમામ સામાન જપ્ત કરી દબાણો દૂર કર્યા હતા. પરંતુ કમનસીબે, મનપાની ટીમ કાર્યવાહી કરીને પરત ફરતાની સાથે જ દુકાનદારો અને લારીધારકોએ બીજા જ દિવસે ફરીથી ફૂટપાથ અને રસ્તા પર સ્ટેચ્યુ તથા માલસામાન ગોઠવી દઈ પુનઃ કબજો જમાવી દીધો હતો. આથી મનપાની ટીમે બીજા જ દિવસે સવારે ફરી સ્થળ પર પહોંચીને દબાણ હટાવવાની કામગીરી કરવી પડી હતી. સતત બે દિવસમાં બે વખત દબાણ હટાવવાની કાર્યવાહી કરવા છતાં પણ પરિસ્થિતિ જસની તસ રહેતા અને ફરી દબાણો ઊભા થતાં મનપા તંત્રની કામગીરી અને કડક પગલાં લેવાની ક્ષમતા સામે સ્થાનિક રહીશોમાં ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે.

## આગ અને અકસ્માતની કટોકટીમાં હવે 101ને બદલે 112 પર સંપર્ક કરજો

**23** સપ્ટેમ્બરથી સુરતમાં પણ ફાયર અને રેસ્ક્યુ સેવાઓ માટે નવો ઈમરજન્સી નંબર 112 કાર્યરત થઇ ગયો

સુરતઃ શહેરમાં આગ, અકસ્માત કે રેસ્ક્યૂ જેવી કોઈ પણ ફાયર ઈમરજન્સી વખતે મદદ મેળવવા માટે વર્ષોથી ઉપયોગમાં લેવાતો 101 નંબર હવે ઈતિહાસ બની ગયો છે. ગુજરાત સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં એકીકૃત 'DIAL-112' ઈમરજન્સી રિસ્પોન્સ સિસ્ટમ અમલમાં મૂકવામાં આવી છે, જેના ભાગરૂપે 23 સપ્ટેમ્બર 2026થી સુરતમાં પણ ફાયર અને રેસ્ક્યૂ સેવાઓ માટે નવો ઈમરજન્સી નંબર 112 સંપૂર્ણપણે કાર્યરત થઈ ગયો છે. આ નવી ડાયલ-112 સિસ્ટમના અમલીકરણથી ફાયર વિભાગનો રિસ્પોન્સ ટાઈમ અને ટ્રાવેલ ટાઈમ નોંધપાત્ર રીતે ઘટશે. સુરત ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ દ્વારા શહેરના તમામ નાગરિકોને ખાસ

...અનુસંધાન પાના 5 પર


જૂની અને જાણીતી બોમ્બે માર્કેટ ઉમરવાડા, સુરત-૧૦



તા.૨૫-૦૯-૨૦૨૬ ને શુક્રવાર ના રોજ ગણપતિ વિસર્જન નિમિત્તે માર્કેટ સંપૂર્ણપણે બંધ રહેશે.

તા.૨૬-૦૯-૨૬ ને શનિવારથી માર્કેટ રાબેતા મુજબ ચાલુ રહેશે.

નોંધ: દર રવિવારે માર્કેટ બંધ રહેશે.


# પાલિકાના કર્મચારીની હત્યાની કોશિશ

**કોસાડ** લેક ગાર્ડન પાસે બાઇક પર આવેલા યુવાનો પકડેલા ત્રણ ઢોર છોડાવી ગયા

સુરતઃ સુરત મહાનગરપાલિકાના ઢોર ત્રાસ અંકુશ વિભાગ (માર્કેટ ખાતા)ના સ્ટાફ પર હુમલો કરી, કાયદેસરની ફરજમાં રૂકાવટ પહોંચાડી પકડેલા ઢોર છોડાવી ભાગી જવાનો સનસનાટીભર્યો બનાવ સામે આવ્યો છે. આ અંગે અમરોલી પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.

સુરત મનપાના માર્કેટ ખાતામાં લાઈવ સ્ટોક ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા ફેનીલકુમાર રમણલાલ વાળા અને તેમની ટીમ ૨૨ સપ્ટેમ્બરની રાત્રે સરકારી વાહનમાં રખડતા ઢોર પકડવાની કામગીરી પર હતા. રાત્રિના આશરે ૧૦:૧૦ વાગ્યાના સુમારે કોસાડ લેક ગાર્ડન પાસે, નાયરા પેટ્રોલ પંપની સામે જાહેર રોડ પરથી ટીમે ૨ ગાયો અને ૧ વાછરડું મળી કુલ ૩ ઢોર પકડ્યા હતા. દરમિયાન, ટર્ન મારતી વખતે પાછળથી એક મોટરસાયકલ પર ૩ અજાણ્યા યુવકો આવ્યા હતા. જેમાંના એક યુવક પાસે ધારદાર હથિયાર હતું. તેણે ગાડી રોકાવી ઢોરને બાંધેલા દોરડા કાપવાનું શરૂ કર્યું હતું. મનપાના સ્ટાફે તેમને રોકવાનો પ્રયાસ કરતા, આરોપીઓએ ગાળો આપી, ધક્કામુક્કી અને હાથાપાઈ કરી હતી.

ધારદાર હથિયાર ધરાવતા યુવકે કર્મચારીઓ પર હથિયાર ફેરવી મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી પકડેલા ત્રણેય ઢોર છોડાવી ભાગી ગયા હતા.

સમગ્ર ઘટના દરમિયાન ફરિયાદીએ પોતાના મોબાઈલમાં આ હુમલાનો વીડિયો ઉતારી લીધો હતો. તપાસ દરમિયાન હથિયાર બતાવી ધમકી આપનાર શખ્સનું નામ રાહુલ ઉર્ફે મુરલી હોવાનું બહાર આવ્યું હતું.

# આયોજકે નાણાં નહીં આપતાં કોન્ટ્રાક્ટરે મંડપ છોડવા માંડ્યો

**વેસુના** લોકમાન્ય ગણેશોત્સવમાં વિવાદનું વિઘ્ન

**51** લાખમાં મંડપનો કોન્ટ્રાક્ટ કરી માત્ર 32 લાખ ચૂકવ્યાનો કોન્ટ્રાક્ટરનો આક્ષેપ



(તસવીર : સતીષ જાદવ)

સુરત : વેસુ ખાતે આવેલું બલર ફાર્મ ખાતે લોકમાન્ય ગણેશ ઉત્સવ સમિતિ દ્વારા ઉભા કરાયેલા ભવ્ય ગણેશ પંડાલને લઈને રૂ.19 લાખની બાકી રકમના પેમેન્ટનો વિવાદ હવે જાહેરમાં સામે આવ્યો છે. પંડાલ તૈયાર કરનારા કોન્ટ્રાક્ટર આશીર્વાદ ડેકોરેશનના દ્વારા બાકી રકમની ચુકવણી ન થઈ હોવાનો આક્ષેપ કરી આજે વહેલી સવારથી પોતાના કારીગરો સાથે પંડાલનો સર-સામાન હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવતાં ભારે હોબાળો મચ્યો હતો. બંને પક્ષો વચ્ચે મામલો ઉગ્ર બનતાં પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી.

મળતી માહિતી મુજબ વેસુ ખાતે આવેલા બલર ફાર્મ માં લોકમાન્ય ગણેશ ઉત્સવ સમિતિના આયોજકો દ્વારા આશીર્વાદ ડેકોરેશનનો સંપર્ક કરવામાં આવ્યો હતો. બલર ફાર્મ ખાતે ભવ્ય ગણેશ પંડાલ અને સેટઅપ તૈયાર કરવા માટે બંને પક્ષો વચ્ચે થયેલી વાતચીત બાદ રૂ.51 લાખમાં કામ નક્કી થયું હતું. કોન્ટ્રાક્ટરનો દાવો છે કે ગણેશોત્સવ શરૂ થયા બાદ રૂ.51 લાખ પૈકી રૂ.32 લાખની ચુકવણી કરવામાં આવી હતી, જ્યારે રૂ.19 લાખ બાકી રહ્યા હતા. આ બાકી રકમની ચુકવણી માટે વારંવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં પેમેન્ટ કરવામાં આવ્યું ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ દરમિયાન બે દિવસ

...અનુસંધાન પાના 5 પર


પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ હૃદયાંજલિ



અ.સૌ.સ્વ.જમનાબેન વલ્લભભાઈ આહિર

સ્વ.તા. ૨૪.૦૯.૨૦૨૫ આસોસુદ ત્રીજ ને બુધવાર

સ્નેહ ,સમતા, સેવા, સદ્દભાવના યુક્ત સરળ અને સંયુક્ત કુટુંબ સમર્પિત આદર્શ જીવન જીવી અમને શ્રેષ્ઠ માર્ગ બતાવી આપ (નાની બા) માતાજીના ચરણોમાં શરણ પામ્યા છો.અમે આપના સેવા અને સમર્પણના માર્ગ પર ચાલી આપને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.પરમકૃપાળુ પરમાત્મા આપના પરોપકારી દિવ્ય - પુણ્યાત્માને શાંતિ અર્પે એજ પ્રભુને પ્રાર્થના. ૐ શાંતિ. ૐ શાંતિ. ૐ શાંતિ.

લિ. વલ્લભભાઈ બાલુભાઈ આહીર (પતિ)
સ્વ .જયંતીભાઈ બાલુભાઈ આહીર(જેઠ)
સ્વ.અ.સૌ.લક્ષ્મીબેન જયંતીભાઈ આહીર (જેઠાણી)

સ્વ . સુરેશભાઈ (KALI)જયંતીભાઈ આહીર (ભત્રીજા)
ગં.સ્વ કિરણબેન સુરેશભાઈ આહીર (પુત્રવધૂ)
પ્રજિતભાઈ સુરેશભાઈ આહીર (પૌત્ર)
નિનાદભાઈ સુરેશભાઈ આહીર (પૌત્ર)
નવીનભાઈ (લાલો)જયંતીભાઈ આહીર(ભત્રીજા)
ભક્તિબેન નવીનભાઈ આહીર(પુત્રવધૂ)
જશરાજ નવીનભાઈ આહીર (પૌત્ર)

પ્રવીણભાઈ વલ્લભભાઈ આહીર (પુત્ર)
જાગૃતીબેન પ્રવીણભાઈ આહીર ( પુત્રવધુ)
હિનલબેન પ્રવીણભાઈ આહીર (પૌત્રી)
દર્શ પ્રવીણભાઈ આહિર (પૌત્ર)
નિલેશભાઈ વલ્લભભાઈ આહીર(પુત્ર)
દીપિકાબેન નિલેશભાઈ આહીર (પુત્રવધુ)
યથાર્થ નિલેશભાઈ આહિર (પૌત્ર)

સહ પરિવારજનોના 'જય શ્રી કૃષ્ણ'
શિવસદન'બંગલો ,શ્રી ઈચ્છાનાથ મહાદેવ મંદિર પાછળ, SVNIT કોલેજની સામે , સુરત- ડુમસ રોડ,ઉમરા ,સુરત



પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. પ્રભાવતી ચંદ્રકાન્ત ગાંધી
જન્મ તા. ૨૪-૦૬-૧૯૩૮
સ્વ. તા. ૨૪-૦૯-૨૦૨૧

શ્રી હરિ
પુણ્યતિથિ એ અંત નથી
માતૃ ના પુણ્યની અનંત યાત્રા છે.
।। માતૃ દેવો ભવ:।।

લિ.
ચંદ્રકાન્ત જેકીશનદાસ ગાંધી
પંકજ ચંદ્રકાન્ત ગાંધી — રૂપા પંકજ ગાંધી
દીપક ચંદ્રકાન્ત ગાંધી — અનિષા દીપક ગાંધી
નિકમ ચંદ્રકાન્ત ગાંધી — પિન્કી નિકમ ગાંધી
હેમંત ચંદ્રકાન્ત ગાંધી — નીતા હેમંત ગાંધી
ચુનીલાલ ઉત્તમરામ ગાંધી પરિવાર



દુ:ખદ અવસાન - પ્રાર્થનાસભા




સ્વ. હંસાબેન
પંકજભાઈ ઉપાધ્યાય
સ્વ. તા. ૨૩/૦૯/૨૦૨૬

સખેદ જણાવવાનું કે અમારા વડીલ શ્રી/માતૃશ્રી સ્વ.હંસાબેન પંકજભાઈ ઉપાધ્યાય, ઉંમર વર્ષ ૭૨, આજરોજ ૨૩/૦૯/૨૦૨૬ ના અવસાન પામ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાંતિ આપે.
સદગતની પ્રાર્થનાસભા તેમના નિવાસસ્થાને તા.૨૪/૦૯/૨૦૨૬ના રોજ સવારે ૧૧ થી ૧૨ કલાકે રાખવામાં આવી છે.

શોકાતુર
સ્વ. પંકજભાઈ મહેન્દ્રભાઈ ઉપાધ્યાય (પતિ)
વિરલ પંકજ ઉપાધ્યાય (પુત્રી)
સ્વ.ભાવેશ પંકજ ઉપાધ્યાય (પુત્ર)
ધર્મેશ સુરેશભાઈ ઉપાધ્યાય (ભત્રીજો) માલા ધર્મેશ ઉપાધ્યાય(ભત્રીજા વહુ)
હેતલ સુરેશભાઈ ઉપાધ્યાય (ભત્રીજી)
નીલમ ઓજસ દવે(પુત્રી) — ઓજસ ગગનવિહારી દવે (જમાઈ)
મહર્ષિ ઓજસ દવે(દોહિત્ર) — હર્ષ ઓજસ દવે (દોહિત્ર)
નિવાસ સ્થાનઃ- ફ્લેટ નંબર ૨૦૧/, શ્રી સાંઈ એપાર્ટમેન્ટ, ઘીયા શેરી, મહીધરપુરા, સુરત.



પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ. ધનસુખલાલ
રંગીલદાસ પટેલ (ગાંધી)
સ્વ.તા. ૨૪-૦૫-૨૦૨૩



સ્વ. મહાલક્ષ્મીબેન
ધનસુખલાલ ગાંધી
સ્વ.તા. ૨૪-૦૯-૨૦૦૯

સ્નેહથી સિંચેલા તમારા બાગમાં અમે પંખી બની કિલ્લોલ કરતા હતા,
નિર્ભય હતા તમારી છત્ર છાયામાં, ન હતી ફિકર કે ન હતી ચિંતા,
તમે અમારી ઢાલ બની બેઠા હતા, વિધિના લેખ મિટાવી ન શક્યા અમે,
સમૃદ્ધિ મળશે પણ કલ્પવૃક્ષ જેવી તમારી છત્ર છાયા અમને ક્યાંય નહીં મળે,
આજે ફરી તમને મળવાનું મન થાય છે, પાસે બેસી વાતો કરવાનું મન થાય છે,
સુખ દુ:ખની વ્યથા કહેવાનું મન થાય છે, તમે આવશો આંસુ લૂછવા એ વિચારીને
આજે ફરી રડવાનુ મન થાય છે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એવી અમારી અંતર દિલથી પ્રાર્થના..

લિ.
હરેશ ધનસુખલાલ પટેલ (પુત્ર) — ઉર્વશી હરેશચંદ્ર ગાંધી (પુત્રવધુ)
નરેશ ધનસુખાલાલ ગાંધી (પુત્ર) — મંજરી નરેશચંદ્ર ગાંધી (પુત્રવધુ)
કિરીટ ધનસુખલાલ ગાંધી (પુત્ર) — ભાવના કિરીટચંદ્ર ગાંધી (પુત્રવધુ)
અરવિંદકુમાર ચંપકલાલ કાપડિયા (જમાઈ) — રેખાબેન અરવિંદકુમાર કાપડિયા (પુત્રી)
તથા સમસ્ત રંગીલદાસ લલ્લુભાઈ ગાંધી પરિવાર



છઠ્ઠી પૂણ્યતિથિએ ભાવભીની સ્મરણાંજલિ



સ્વ.અ.સૌ.નયનાબેન હરેશકુમાર મોદી
સ્વ.તા.૨૪/૦૯/૨૦૨૦

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ।
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારૂતઃ।।

લિ.હરેશકુમાર નાગરદાસ મોદી
વિશાલ હરેશકુમાર મોદી — કોમલ વિશાલ મોદી
જય હરેશકુમાર મોદી — ખુશ્બુ જય મોદી
બીરબલભાઈ નાગરદાસ ગાંધી — નીલાબેન ગાંધી
ધર્મેશ (પપ્પુભાઈ) હીરાલાલ ગાંધી — મનીષા ધર્મેશ ગાંધી
શરદ (બાબુભાઈ) હીરાલાલ ગાંધી — વૈશાલી શરદ ગાંધી
નિલય ધર્મેશભાઈ ગાંધી — ઐશ્વર્યા નિલય ગાંધી
વિરેન મોદી । હેતલ મોદી । કેશા ગાંધી । વિવેક ગાંધી । જીયાન ગાંધી
દિયા મોદી । દર્શ મોદી । હર્ષ મોદી
માંગરોલવાલા પરિવાર
Nayana Sarees | Nayna Weaves



ત્રીજી પૂણ્યતિથીએ હાર્દિક શ્રધ્ધાજંલી



સ્વ. વિનોદચંદ્ર / વિનુભાઈ
ચીમનલાલ દોરાબદારૂવાલા
જ.તા. ૨૭.૦૧.૧૯૫૦ સ્વ.તા. ૨૪.૦૯.૨૦૨૩

જયાં જયાં નજર અમારી ઠરે,
ત્યાં ત્યાં યાદ ભરી છે આપની !!!
આપના ચહેરા પરની સ્થિર રેખાઓ
એટલે આપનો દ્રઢ અચલ નિર્ધાર,
આપના સંકલ્પો એટલે સંજોગો
ને ય પલટાવવાની અજબ જાદુગરી !!!
આપનુ અડીખમ વ્યક્તિત્વ અમને આપે છે
નીડરતા અને હિંમત.
જીવનની હર ક્ષણે બની
રહો અમારા પથદર્શક. પ્રભુ,
અમારા વ્હાલા આપના
ચરણકમળમાં શાંતિ આપજો પૂરી.

:: શોકાતુર ::
ગં. સ્વ. રેખા વિનોદચંદ્ર દોરાબદારૂવાલા
વિરેન વિનોદચંદ્ર દોરાબદારૂવાલા | હેતલ વિરેન દોરાબદારૂવાલા
નેવિલ વિનોદચંદ્ર દોરાબદારૂવાલા | ચેરિલ નેવિલ દોરાબદારૂવાલા
રિધ્ધી સેહુલ ડુમ્મસવાલા | સેહુલ રાજેન્દ્રભાઈ ડુમ્મસવાલા
મહેક જેનિલ મોદી (પૌત્રી) | જેનિલ જયેશભાઈ મોદી
પરા,ક્રિશ,ડેન્સી,ઓમ,વૈશ્વી
સમસ્ત દોરાબદારુ મસાલા પરિવાર ના
જય મહાદેવ